# ૨. ચાલો, ઊઠો !

### અરદેશર ખબરદાર

અરદેશર ફરામજી ખબરદારનો જન્મ ૬ નવેમ્બર, ૧૮૮૧ના રોજ ગુજરાતના દમણ ગામમાં થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ દમણમાં અને માધ્યમિક શિક્ષણ મુંબઈમાં લીધું. મદ્રાસમાં મોટરસાઈકલના સામાનનો ધંધો કર્યો. સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદના તેઓ પ્રમુખ હતા. તેમણે દલપતરામ, નરસિંહરાવ દિવેટિયા, ન્હાનાલાલ, કાન્ત અને કલાપીની શૈલીમાં વિવિધ પ્રકારનાં કાવ્યો રચ્યા છે. તેમણે ૧૦૧ અંગ્રેજી સોનેટો પણ લખ્યાં છે.

'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' આ તેમની ઘણી જ જાણીતી રચના છે. સાદી અને સરળ શૈલી એ તેમની વિશેષતા છે. ૩૦ જુલાઈ, ૧૯૫૩માં મદ્રાસમાં તેમનું અવસાન થયું.

### સૂર કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં કવિએ 'શ્રમપ્રતિષ્ઠા'નું મૂલ્ય સમજાવ્યું છે. દરેક વ્યક્તિમાં અલગ અલગ ક્ષમતા હોય છે. આ ક્ષમતાને પરિશ્રમનો સાથ મળી જાય તો.... સોનામાં સુગંધ ભળે... સાધન કરતાં સાધ્ય મોટું છે, એમ કવિ કહે છે. 'પુરુષાર્થ આગળ પ્રારબ્ધ પાંગળું' એવો સંદેશો આ કાવ્યમાં મળે છે. મહેનત કરવાથી શારીરિક અને માનસિક સ્વસ્થતા પ્રાપ્ત થાય છે એવું અહીં આ કાવ્યમાં કહેવામાં આવ્યું છે.

હાથ જોડી ના બેસો, રે ભાઈ, હાથ જોડી ના બેસો !
કરવું હરિને હાથ ખરું, પણ સાથ શું શ્રમ નહિ લેશો ?
હાથ જોડીને બેસી જ રહેતાં, ખાશો જગતની ઠેસો.
મેઘ વરસશે મુશળધારે, તે શું જોઈ જ રહેશો ?
તન રગડી જો ન ખેતર ખેડો, તો પછી પાક દે એ શો ?
ફરશે ને હરશે તે ચરશે, બાંધ્યો ભૂખે મરે શો;
હરિ હરિ કરતાં આ હીન દશા ઠરી, એમાં શો અંદેશો ?
સૂતેલા પણ સિંહતણે મુખ આવી શિકાર પડે શો ?
ફાળ ભરી તે ઠાર કરે તો જ ઠારી શકે ભૂખ ક્લેશો.
આ નથી, તે નથી, એમ કદી પણ કાયર થઈ નવ કહેશો;
સાધનથી પણ સાધ્ય છે મોટું; પાધરે યત્ન પ્રવેશો.
યત્ને ચઢી બડી રેલ હઠવશો, નહિ તો પડી સડી વ્હેશો;
વીર ! ઊઠો પ્રભુ સાહ્ય થશે, આ સાધવો દિવ્ય સંદેશો.



**માર્ગદર્શક સ્તંભ**

'શ્રમનો મહિમા' આ વિષય પર ચર્ચા કરી વિદ્યાર્થીઓમાં 'શ્રમપ્રતિષ્ઠા'નું મૂલ્ય વિકસાવી શકાય. વિદ્યાર્થીઓના વિવિધ જૂથ બનાવી દરેક જૂથને બે-બે પંક્તિ આપીને તેની જૂથચર્ચા કરાવી શકાય. જૂથચર્ચાની રજૂઆત બાદ આવશ્યક સૂચનો આપીને કાવ્ય સમજાવી શકાય. White collar jobના આ જમાનામાં 'શ્રમ'થી થતા લાભ સમજાવી શકાય. બેઠાડું જીવનથી સ્વાસ્થ્ય પર થતી અસરની જાણ કરી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) ઠોકર (૨) પ્રયાસ (૩) ઈશ્વર (૪) શરીર
(૫) વિશ્વ (૬) કંકાસ (૭) મહેનત (૮) વહેમ

**સ. ૨. કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દો શોધીને લખો :**

(૧) કહેશો (૨) લેશો (૩) વ્હેશો (૪) અંદેશો

**સ. ૩. નીચેના શબ્દોનો વાક્યમાં ઉપયોગ કરો :**

(૧) શ્રમ (૨) સાધન (૩) સંદેશો (૪) ખેતર

**સ. ૪. શબ્દોની અંતાક્ષરી પૂર્ણ કરો :**

| | | | |
|---|---|---|---|
| (૧) જગત → | → | → | |
| (૨) શિકાર → | → | → | |
| (૩) ક્લેશ → | → | → | |
| (૪) હરિ → | → | → | |

**સ. ૫. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :**

(૧) મુશળ જેવી ધારે વરસતો વરસાદ -
(૨) અગાઉથી આવી જતો અણસાર -
(૩) જેનામાં હિંમત નથી તેવી નાહિંમત વ્યક્તિ -
(૪) જેને કોઈ શત્રુ નથી તે -

**સ. ૬. યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો :**

(૧) તન રગડી જો ન _______________ ખેડો, તો પછી પાક દે એ શો ?
(૨) હાથ જોડીને બેસી જ રહેતાં, ખાશો _______________ ઠેસો.
(૩) સૂતેલા પણ _______________ તણે મુખ આવી શિકાર પડે શો ?
(૪) સાધનથી પણ _______________ છે મોટું ; પાધરે યત્ન પ્રવેશો.

**સ. ૭. યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.**

(૧) જો હાથ જોડીને બેસી રહેશો તો _______________________________

(અ) મા-બાપની ઠેસો ખાશો. (આ) ગુરુજીની ઠેસો ખાશો. (ઇ) જગતની ઠેસો ખાશો.

(૨) ફરે તે ચરે, ને બાંધ્યો _______________________________

(અ) ભૂખે મરે. (આ) મજા કરે. (ઇ) સજા ભોગવે.

(૩) મુશળધાર વરસાદ વરસે ત્યારે ______________________________

(અ) નદી કિનારે પલળવા જવું. (આ) લણણી કરવી. (ઇ) ખેતરમાં મહેનત કરવી.

**સ. ૮. યોગ્ય શબ્દ લખો :**

(૧) ___________ મેઘ (૨) ___________ સાધ્ય (૩) ___________ દશા

(૪) ___________ સંદેશો (૫) ___________ સિંહ (૬) ___________ યત્ન

**સ. ૯. કાવ્યપંક્તિ પૂર્ણ કરો :**

(૧) આ નથી, તે નથી _____________ (૨) વીર ! ઊઠો પ્રભુ _______________

(૩) હરિ હરિ કરતાં _______________ (૪) ફાળ ભરી __________________

**સ. ૧૦. કાવ્યમાંથી મળતો બોધ તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૧. નીચેનો કોઠો પૂર્ણ કરો :**

(૧) રવિ + ઇન્દ્ર = _________ (૨) _________ + આલય = શિવાલય

(૩) પરમ + _________ = પરમેશ્વર (૪) સ્નેહ + _________ = સ્નેહોર્મિ

(૫) શાળા + ઉપયોગી = _________ (૬) ભાષા + _________ = ભાષાંતર

**સ. ૧૨. આપેલા સમાસનો વિગ્રહ કરી પ્રકાર જણાવો.**

(૧) ચોફેર (૨) ગોળધાણા (૩) હારજીત

(૪) જૂનાંનવાં (૫) રામસીતા (૬) પંચામૃત

**સ. ૧૩. નીચેનાં વાક્યોને વર્તમાનકાળમાં ફેરવો :**

(૧) અમે ઇડરિયો ગઢ જીતીશું. (૨) સુરેશ અને નીતા ઝરણું જોવા જવાનાં હતાં.

(૩) બાપુજી આજે વહેલા આવશે. (૪) વર્ષાઋતુમાં મોર ટહુકા કરતા હતા.

**સ. ૧૪. 'ફરે તે ચરે અને બાંધ્યો ભૂખે મરે.' આ કહેવતની વર્ગમાં સદષ્ટાંત ચર્ચા કરો.**

## પ્રકલ્પ

★ 'શ્રમ' વિષયક કહેવતો અને સુવિચારો એકઠા કરીને તેના બેનર બનાવો.

## લેખન કૌશલ્ય

★ નિબંધ લખો - 'પરિશ્રમ એ જ પારસમણિ'.

★ **નીચે એક અધૂરી વાર્તા આપી છે. તે તમારે પૂરી કરવાની છે અને યોગ્ય શીર્ષક પણ આપવાનું છે.**

એક સુંદર ગામ હતું. તે ગામમાં એક કુંભાર રહેતો હતો. તેની દુકાનમાં સુંદર અને આકર્ષક માટલાં, ઘડા, કૂંડાં, કોડિયાં, કૂંજા વગેરે વેચતો હતો. તે બધી વસ્તુ એટલી બધી કલાત્મક હતી કે તે ટપોટપ વેચાઈ જતી. એક વખત એક માટલામાં કાણું પડી ગયું. હવે તે કોણ ખરીદે ? પરંતુ એક સાચો કલાકાર પોતાની કલાને ક્યારેય નષ્ટ કરતો નથી. તેથી તેને દુકાનના એક ખૂણામાં મૂકી દીધું. પછી શ્રાવણ માસ આવતાં જ દુકાનમાં ઘરાકી વધી ગઈ.

હવે તમે તમારા વિચારો દ્વારા વાર્તા પૂર્ણ કરો.

કથની કરતાં કરણીનો અવાજ બુલંદ હોય છે.

6XHU67